બેંકના વ્યક્તિગત સભાસદો તથા સ્ટાફના સભ્યોના બાળકોના અભ્યાસને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે
**"કાલુપુર બેંક શિષ્યવૃત્તિ યોજના" અંગેની માહિતી**

# "શિષ્યવૃત્તિ યોજના" ના નિયમો

૧. આ યોજનાનું નામ "કાલુપુર બેંક શિષ્યવૃત્તિ યોજના" રહેશે.

૨. આ યોજના અંતર્ગત ધોરણ-૧૦ તથા ૧૨ ઉપરાંત ભારતની માન્યતા પ્રાપ્ત બોર્ડ, યુનિવર્સિટી, સેન્ટ્રલ તથા સ્ટેટ ગવર્મેન્ટના કાયદા હેઠળ માન્યતા પ્રાપ્ત થયેલ તમામ પ્રકારના અભ્યાસક્રમો માટેની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં ફક્ત ડિગ્રી કોર્સની ફાઇનલ પરીક્ષામાં નીચે દર્શાવેલ ધોરણે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને આ યોજના અંતર્ગત નીચે મુજબ પુરસ્કાર આપવામાં આવશે.

| અ.નં. | અભ્યાસક્રમ | ટકાવારીનું ધોરણ | પુરસ્કારની રકમ |
|---|---|---|---|
| ૧. | ધોરણ – ૧૦ | ઓછામાં ઓછા ૭૦% | રૂ.૧,૫૦૧-૦૦ |
| ૨. | ધોરણ – ૧૨ તથા PTC | ઓછામાં ઓછા ૭૦% | રૂ.૩,૦૦૧-૦૦ |
| ૩. | સ્નાતક કક્ષા – જનરલ | ઓછામાં ઓછા ૬૫% | રૂ.૩,૫૦૧-૦૦ |
| | સ્નાતક કક્ષા – પ્રોફેશનલ ડિગ્રી તથા તથા ડિપ્લોમા કોર્સ | ઓછામાં ઓછા ૬૫% | રૂ.૪,૦૦૧-૦૦ |
| ૪. | અનુસ્નાતક કક્ષા (M.Com.,M.Sc.,M.A.) | ઓછામાં ઓછા ૬૫% | રૂ.૪,૦૦૧-૦૦ |
| ૫. | અનુસ્નાતક કક્ષા પ્રોફેશનલ ડીગ્રીઓ સાથે (MBA, MCA, M.Tech, MD, MS, CA, ICWA, CS, CFA, M.Phil) | ઓછામાં ઓછા ૬૫% | રૂ.૪,૫૦૧-૦૦ |
| ૬. | માન્યતા પ્રાપ્ત અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાંથી પ્રાપ્ત કરેલ (P.H.D., Research Qualification etc., Degrees) | | રૂ.૫,૦૦૧-૦૦ |

૩. આ યોજનાનો લાભ લેવા માટે જે તે સભાસદ નવા શરૂ થતા શૈક્ષણિક વર્ષના અગાઉના ૩૧ માર્ચના રોજ બેંકના સભાસદ તરીકે હોવા જરૂરી છે. તથા શિષ્યવૃત્તિની અરજી કર્યા તારીખે સભાસદ હોવા જરૂરી છે.

૪. જે કિસ્સામાં શિષ્યવૃત્તિ લાયક બાળકના માતા અને પિતા બંને બેંકના સભાસદ હશે તેવા કિસ્સામાં તેઓના શિષ્યવૃત્તિ લાયક બાળક માટે માતા અથવા પિતા બે માંથી કોઇપણ એક અરજી કરી શિષ્યવૃત્તિ પુરસ્કાર મેળવવાને હક્કદાર રહેશે.

૫. શિષ્યવૃત્તિ મેળવવા ઇચ્છનાર વ્યક્તિએ બેંકે નિયત કરેલ અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે અને તેની સાથે જરૂરી દસ્તાવેજો પુરાવા તરીકે રજુ કરવાનાં રહેશે.

૬. નિયત કરેલ અરજીપત્રક બેંકની મુખ્ય કચેરીએથી મળશે અને આ અરજીપત્રક મોડામાં મોડું જે તે શૈક્ષણિક વર્ષનું પરિણામ જાહેર થયા તારીખથી ત્રણ માસ સુધીમાં સંપૂર્ણ વિગત ભરી મુખ્ય કચેરીએ મોકલવાનું રહેશે. નિયત કરેલ તારીખ બાદ અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

૭. શિષ્યવૃત્તિ માટેની અરજી ઉપરનો નિર્ણય બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અગર તો બોર્ડે નિમેલ કમીટી કરશે જે આખરી ગણાશે.

૮. આ યોજના તથા તેના નિયમોમાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સ જરૂરિયાત મુજબ વખતો વખત ફેરફાર કે સુધારો વધારો કરી શકશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.